# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૪/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા 'ટેક્ષ્ટાઇલ વીક'નો પ્રારંભ
## સુરતના ગારમેન્ટને પ્રમોટ કરવા ફેશન શો યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા સોમવારે, તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૭:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં 'ટેક્ષ્ટાઇલ વીક'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. દીપ પ્રાગટય વિધી સાથે ટેક્ષ્ટાઇલ વીકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સુરતમાં બનાવવામાં આવેલા ગારમેન્ટને પ્રમોટ કરવા માટે સુરત એપેરલ એકેડેમીના ડો. બંદના ભટ્ટાચાર્ય દ્વારા ફેશન શોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકનુ આયોજન કરવામાં આવે છે. કાપડ ઉદ્યોગ આજે કપરા સમયમાંથી પસાર થઇ રહયો છે ત્યારે આવી ઇવેન્ટ નવા ડેવલપમેન્ટ માટે મહત્વની સાબિત થાય છે. સુરત હવે એપેરલ અને ગારમેન્ટમાં આગળ વધી રહયુ છે ત્યારે ફેશન શોના આયોજનથી વર્લ્ડ માર્કેટમાં ટકવા માટે આપણે નવી ફેશન અને નવી સ્ટાઇલમાં કયાં છીએ તે જાણવા મળે છે.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ વીકમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે જુદા–જુદા તેમજ નવા વિષયો ઉપર સેમિનારો યોજાય છે. જેમાં નિષ્ણાંત વકતાઓ દ્વારા ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને યોગ્ય દિશામાં લઇ જવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. વર્લ્ડના લીડીગ માર્કેટમાં જે ફેશન ચાલે છે તેને આપણે એપ્લાય કરીશું તો બ્રાન્ડ ઇમેજ બની શકીશું.

સુરત એપેરલ એકેડેમીના ડો. બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યુ હતુ કે, સુરતમાં સારુ ગારમેન્ટ બને છે પણ બ્રાન્ડીગ થતુ નથી. આથી ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવા માટે યોગ્ય ડાયરેકશન આપી શકાય તે હેતુથી ફેશન શો યોજાયો હતો. સુરતની જ મોડેલ્સ દ્વારા એથનીક વેર, ગાઉન્સ, પાર્ટીવેર, સ્ટાઇલીશ કેઝ્યુલ વેર, ગાઉન્સને સાડીનું ફોર્મેટ આપીને બનાવવામાં આવેલુ સ્ટાઇલીશ વેર, બ્રાઇડલ વેર, ઇવનીગ ગાઉન્સ, યંગસ્ટર્સ માટે વેસ્ટર્ન કેઝ્યુલ્સ વેર, લખનવી ચીકનકારી અને કોકટેલ ગાઉન્સ વિગેરે અગ્યાર જેટલા સિકવન્સમાં સુરતમાં બનાવવામાં આવેલા ગારમેન્ટનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.